# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંધ્રપ્રદેશના કુર્નૂલમાં 13 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા
2. શ્રી મોદીએ કુર્નૂલને ભારતના ડ્રોન હબ તરીકે સ્થાપિત કરવાના રાજ્યના પ્રયાસની પ્રશંસા કરી.
3. ગુજરાતમાં રાજ્ય મંત્રીમંડળના સભ્યોના રાજીનામા લેવાયા – ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા આજે મુખ્યમંત્રી સાથે મુલાકાત કરશે
4. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બે દિવસમાં 258 નક્સલવાદીઓના આત્મસમર્પણને નક્સલવાદ સામેની લડાઈમાં સીમાચિહ્નરૂપ ગણાવ્યું.
5. ICC મહિલા વન-ડે ક્રિકેટ વિશ્વકપમાં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને જીતવા 199 રનનો લક્ષ્યાંક આપ્યો

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV. PM-ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આંધ્રપ્રદેશના કુર્નૂલમાં 13 હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ કાર્યોના લોકાર્પણ, અને ખાતમુહૂર્ત કર્યાં. આ પરિયોજનામાં ઉદ્યોગ, પાવર ટ્રાન્સમિશન, રસ્તાઓ, રેલ્વે, સંરક્ષણ ઉત્પાદન તથા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સહિતના મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. કુર્નૂલમાં એક સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ સ્વચ્છ ઉર્જા અને વીજળીની પહોંચમાં ભારતની ઝડપી પ્રગતિ પર પ્રકાશ પાડ્યો. તેમણે નોંધ્યું કે વીજળી હવે દરેક ગામમાં પહોંચી ગઈ છે અને માથાદીઠ વીજળીનો ઉપયોગ વધીને ૧,૪૦૦ યુનિટ થયો છે. તેમણે ભાર મૂક્યો કે આવી સિદ્ધિઓ ઊર્જા ક્ષેત્રમાં નવા માપદંડો સ્થાપિત કરી રહી છે. પ્રસંગે તેમણે આંધ્રપ્રદેશને એનર્જિ રિવોલ્યુશન માટે દેશનું એક મોટું કેન્દ્ર ગણાવ્યું હતું.

(બાઇટ- PM-ON ENERGY-KURNOOL)

શ્રી મોદીએ GST સુધારાઓને કારણે રાજ્યમાં 8 હજાર કરોડ રૂપિયાથી વધુની બચત થવાની સંભાવના દર્શાવતા કહ્યું કે આ બચત તહેવારોની મોસમમાં વધારો કરશે અને GST બચત ઉત્સવ ઉજવવા માટે પ્રોત્સાહિત કરશે.

આંધ્રપ્રદેશના ટેકનોલોજીકલ વિકાસ પર પ્રકાશ પાડતા, શ્રી મોદીએ કુર્નૂલને ભારતના ડ્રોન હબ તરીકે સ્થાપિત કરવાના રાજ્યના પ્રયાસોની પ્રશંસા કરી.

આ પ્રસંગે તેમણે વિશાખાપટ્ટનમને દેશના પ્રથમ કૃત્રિમ બુદ્ધિમત્તા એઆઇ કેન્દ્રનું આયોજન કરીને AI અને કનેક્ટિવિટી હબ તરીકે ઉભરી આવવાના વિઝનની રૂપરેખા પણ આપી.

(બાઇટ- PM-ON AI HUB-KURNOOL)

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

આંધ્રપ્રદેશની એક દિવસની મુલાકાત દરમ્યાન આજે સવારે શ્રી મોદીએ શ્રીશૈલમમાં શ્રી ભ્રમરમ્બા મલ્લિકાર્જુન સ્વામી વરલા દેવસ્થાનમમાં પ્રાર્થના કરી. બાદમાં શ્રી શિવાજી સ્ફુર્તિ કેન્દ્રની મુલાકાત પણ લીધી હતી.

-------------

# RAJYA MANTRI MANDAL VISTARAN

ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણમાં પદનામિત મંત્રીઓની આવતીકાલે શપથવિધિ થશે. આ પહેલા રાજ્ય મંત્રીમંડળના સભ્યોના આજે રાજીનામા લેવાયા હોવાના અહેવાલ છે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસસ્થાને મંત્રીઓ સાથે યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રીએ તમામને હાઇકમાન્ડના નિર્ણયની માહિતી આપી. હાઇકમાન્ડે મંત્રીમંડળના સભ્યોનાં રાજીનામાં લેવાનો નિર્ણય કર્યો હતો.

ભાજપના રાષ્ટ્રીય જે.પી. નડ્ડા આજે રાત્રે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કરશે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવતીકાલે સવારે સાડા 11 વાગ્યે શપથવિધિ સમારોહ યોજાશે. રાજ્યપાલશ્રી રાજ્ય મંત્રીમંડળના વિસ્તરણમાં સમાવિષ્ટ થનારા પદનામિત મંત્રીઓને હોદ્દા અને ગોપનીયતાના શપથ લેવડાવશે.

ધારાસભ્ય ઋષિકેશ પટેલ, હર્ષ સંઘવી અને ભાજપના પ્રદેશ મહામંત્રી રજની પટેલે આજે બપોરે શપથવિધિ સમારોહ સ્થળની મુલાકાત લઇ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

. . . . . . . . . . . . . .

# AMIT SHAH - NAXAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે છેલ્લા બે દિવસમાં થયેલા કુલ 258 નક્સલવાદીઓના આત્મસમર્પણને નક્સલવાદ સામેની લડાઈમાં સીમાચિહ્નરૂપ ગણાવ્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે જણાવ્યું કે છત્તીસગઢમાં આજે 170 જ્યારે ગઈકાલે 27 નક્સલીઓ, તેમજ મહારાષ્ટ્રમાં પણ 61 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે.

તેમણે ઉમેર્યું કે, ગયા વર્ષે, છત્તીસગઢમાં બે હજારથી વધુ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે, લગભગ 1800 ની ધરપકડ કરવામાં આવી છે અને રાજ્યમાં 450 થી વધુનો ખાત્મો કરવામાં આવ્યો છે.

શ્રી શાહે નક્સલીઓના હિંસા છોડી દેવાના નિર્ણયની પ્રશંસા કરી, દેશના બંધારણમાં વિશ્વાસ વ્યક્ત કર્યો. શ્રી શાહે વધુમાં ભાર મૂક્યો કે, જેઓ આત્મસમર્પણ કરવા માંગે છે તેમનું સ્વાગત છે, અને જેઓ હજુ પણ બંદૂક ચલાવવાનું ચાલુ રાખશે તેમને ભારતીય સેનાનો સામનો કરવો પડશે. તેમણે ઉમેર્યું કે આ આંકડા આગામી વર્ષના 31 માર્ચ પહેલા નક્સલવાદને ખતમ કરવાના સરકારના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે.

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# PREZ-ARMY CHIEFS CONCLAVE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં સેના પ્રમુખોની પરિષદમાં ભાગ લઈ રહેલા સંયુક્ત રાષ્ટ્ર - યુએનના સૈનિકબળમાં ફાળો આપનારા દેશોના સેના પ્રમુખો અને ઉપ-પ્રમુખો સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, રાષ્ટ્રપતિએ આ પ્રતિનિધિઓનું સ્વાગત કરતાં વૈશ્વિક શાંતિ અને સ્થિરતા જાળવવામાં યુએન શાંતિ રક્ષા મિશન દ્વારા આપવામાં આવેલા નોંધપાત્ર યોગદાનની પ્રશંસા કરી.

રાષ્ટ્રપતિએ શાંતિ રક્ષા કામગીરી પ્રત્યે રાષ્ટ્રની અડગ પ્રતિબદ્ધતા અને દળોમાં લિંગ સમાવેશને પ્રોત્સાહન આપવામાં ભારતની પ્રશંસનીય કામગીરીને બિરદાવી. તેમણે જણાવ્યું કે મહિલા શાંતિ રક્ષકોએ સ્થાનિક સમુદાયોને સશક્ત બનાવ્યા છે અને વિશ્વાસ વધાર્યો છે.

-------------

## MEA AFGHAN PAK

વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે ભારત અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

આજે બપોરે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે તે સ્પષ્ટ છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનોને આશ્રય આપે છે અને આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનની જૂની પ્રથા છે કે તે પોતાની આંતરિક નિષ્ફળતાઓ માટે પોતાના પડોશી દેશોને દોષી ઠેરવે છે. પ્રવક્તાએ કહ્યું કે

પાકિસ્તાન અફઘાનિસ્તાન દ્વારા પોતાના પ્રદેશો પર સાર્વભૌમત્વનો ઉપયોગ કરવાથી ગુસ્સે છે અને ભારત અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને સ્વતંત્રતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

(બાઈટ –RANDHIR JAYSWAAL-PAK)

-------------

# MEA AFGHAN PAK

વિદેશ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે ભારત અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

આજે બપોરે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે તે સ્પષ્ટ છે કે પાકિસ્તાન આતંકવાદી સંગઠનોને આશ્રય આપે છે અને આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાનની જૂની પ્રથા છે કે તે પોતાની આંતરિક નિષ્ફળતાઓ માટે પોતાના પડોશી દેશોને દોષી ઠેરવે છે. પ્રવક્તાએ કહ્યું કે પાકિસ્તાન અફઘાનિસ્તાન દ્વારા પોતાના પ્રદેશો પર સાર્વભૌમત્વનો ઉપયોગ કરવાથી ગુસ્સે છે અને ભારત અફઘાનિસ્તાનની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને સ્વતંત્રતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

(બાઈટ –RANDHIR JAYSWAAL-PAK)

-------------

## WB-VOTERS LIST

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીએ આ વર્ષના જૂનથી સપ્ટેમ્બર દરમિયાન પશ્ચિમ બંગાળની મતદાર યાદીમાંથી અનેક વધુ નામો દૂર કર્યા હતા. આ નામો બાંગ્લાદેશી નાગરિકોના હોવાનું માનવામાં આવે છે. વિદેશી પ્રાદેશિક નોંધણી કચેરીએ પશ્ચિમ બંગાળના 10 જિલ્લાઓમાં 112 બાંગ્લાદેશીઓની ઓળખ કરી છે. 750 વ્યક્તિઓ સામે તપાસ ચાલી રહી છે. કોલકાતા, મુંબઈ અને નવી દિલ્હી વિમાનમથક પર બાંગ્લાદેશી નાગરિકો પાસે ભારતીય મતદાર ઓળખ કાર્ડ મળી આવ્યા હોવાના અહેવાલ છે.

-------------

## VIKIST BHARAT QUIZ- DATE EXTEND

યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ ક્વિઝ 2026 ની છેલ્લી તારીખ આ મહિનાની 31મી સુધી લંબાવી છે. મંત્રાલયે જણાવ્યું છે કે MY Bharat પોર્ટલ દ્વારા ક્વિઝમાં 20 લાખથી વધુ યુવા સહભાગીઓ પહેલાથી જ ભાગ લઈ ચૂક્યા છે. તેમણે એમ પણ ઉમેર્યું કે દેશના યુવાનોના સકારાત્મક પ્રતિભાવને ધ્યાનમાં રાખીને સમયમર્યાદા લંબાવવામાં આવી છે.

---------

## FRENCH PM- NO CONFIDENCE

ફ્રાંસના પ્રધાનમંત્રી સેબેસ્ટિયન લેકોર્નુ આજે સંસદમાં બે અવિશ્વાસ મત પ્રક્રિયા માંથી પ્રથમ મત પ્રક્રિયામાં બચી ગયા છે. તેમણે વિવાદાસ્પદ પેન્શન સુધારણા યોજનાને સ્થગિત કરવાનું વચન આપ્યું હતું. ફ્રાન્સ અનબોવ્ડ પાર્ટી દ્વારા તેમના પર અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. સરકારને હટાવવા માટે જરૂરી 289 મતોમાંથી તેમને તેમને 271 મત મળ્યા છે જે 18 મતથી ઓછા પડ્યા છે.

------------

## ICC women's world cup

ICC મહિલા વન-ડે ક્રિકેટ વિશ્વ કપમાં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને 199 રનનો લક્ષ્યાંક આપ્યો છે. તાજેતરના સમાચાર મુજબ, ઓસ્ટ્રેલિયાએ 16 ઓવરમાં વિના વિકેટે 110 રન બનાવ્યા છે. બાંગ્લાદેશે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો છે. હાલ ઓસ્ટ્રેલિયા પોઈન્ટ ટેબલમાં બીજા અને બાંગ્લાદેશ છઠ્ઠા ક્રમે છે.

ભારતનો આગામી મુકાબલો 19 ઓક્ટોબરે ઈંગ્લેન્ડ સામે થશે.